ડીસામાં રાજ્યના લાંબા એલિવેટેડ બ્રિજમાં ૧ ફૂટ પાણી ભરાયું



બનાસકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની આગાહીને પગલે સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. જિલ્લાના ૧૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ દિયોદરમા ૧૯૦ મી.મી.તેમજ ડીસા અને અમીરગઢમાં ૧૨૦ મી.મી.વરસાદ નોંધાયો છે. ડીસામાં ધોધમાર પાંચ ઈંચ જેટલો વરસાદ ખાબકતા સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. જેમાં ગુજરાતના સૌથી લાંબા એલિવેટેડ બ્રિજમાં પણ પાણી ભરાઈ ગયા હતા. બ્રિજ પર એક ફૂટ જેટલું પાણી ભરાઈ જતાં એક તરફનો વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. દિયોદરમાં ૮ ઈંચ જ્યારે ડીસામાં ૫ ઈંચ જેટલો વરસાદ ખાબકતા અનેક જગ્યાએ વરસાદી પાણી ભરાયા હતા. ડીસામાં આખોલ ચાર રસ્તા પાસે ૫૦ જેટલી દુકાનો માલિકોએ મોટું નુકસાન પહોંચ્યું છે. આ ઉપરાંત રાજ્યના સૌથી લાંબા એલિવેટેડ બ્રિજ પર પણ પાણી ભરાયા હતા. બ્રિજ પર એક ફૂટ જેટલું પાણી ભરાઈ જતા એક તરફનો વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી.જેને પગલે વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાંતિજ યુજીવીસીએલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ સહિત વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ યુજીવીસીએલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ તથા વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર મા આવેલ યુજીવીસીએલ કંપની ખાતે આવેલ શ્રી પંચમુખી હનુમાનજી મંદિર સંકુલ માં વિજકંપની દ્વારા આયોવેદિક સહિત ફૂલછોડ વુક્ષો નુ વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ જયારે બી.એ.પી.એસ દ્વારા યુજીવીસીએલ વિજકંપની ખાતે વ્યસન મુક્તિ કાર્યક્રમ નુ આયોજન કર્યુ હતુ તો આ પ્રસંગે વિજકંપની ના ડેપ્યુટીએન્જીનીયર શૈલેષભાઈ યાદવ , જુનિયર એન્જિનીયર સાગરભાઈ સોની , જુનિયર એન્જિનીયર જહીરજાઝ સહિત વિજ અધિકારીઓ વિજ કર્મચારીઓ ઉપસ્થિત રહીને વુક્ષારોપણ કરવામા આવ્યુ હતુ.

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે શિક્ષણ જ્યોત રથયાત્રા આવતા તેનું સ્વાગત કરાયું હતું

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે શિક્ષણ જ્યોત રથયાત્રા આવતા તેનું સ્વાગત કરાયું હતું. સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિશ્વમહાપીઠ સાબરકાંઠા દ્વારા શિક્ષણ જ્યોત રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિક્ષણ જ્યોત રથયાત્રા ધનસુરા ખાતે આવતાં ધનસુરા ગ્રામ પંચાયત ખાતે સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં નટવરભાઈ પરમાર (મુખ્ય સંયોજક), સોમાભાઈ પરમાર (સંયોજક), ભગવાનદાસ પરમાર (પ્રદેશ મહામંત્રી રવિદાસ વિશ્વમહાપીઠ) આ ઉપરાંત ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ, ડો.શિરીષભાઈ શાહ,અનિલભાઈ પટેલ, દિનેશભાઈ સોનેરી, નરેન્દ્રભાઈ પટેલ, મનોજભાઈ, નીતિનભાઈ પ્રિયદર્શી સહિત ગામ ના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ્યમાન કાર્ડ કાઢવા માટે ધક્કા ખવડાવાતાં રોષ

એફ એ ની કામગીરી સામે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ : આયુષ્યમાન કાર્ડ માટે વૃદ્ધોને આંખે આવતું પાણી

મોડાસા તાલુકાના સરડોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ્યમાન કાર્ડ કાઢવા માટે આવતા ગ્રામજનોને ફરજ પરના એફ.એ. દ્વારા ધરમધક્કા ખવડાવાતા હોવાથી રોષ વ્યાપ્યો છે. ફીંગરપ્રિન્ટ કોમ્પ્યુટર લેતું નથી, આજે નેટ ચાલતું નથી તેવા રોજ ગોખેલા જવાબ આપી વૃદ્ધોને પણ કાર્ડની કામગીરી કર્યા વગર રવાના કરી દેવામાં આવી રહ્યા છે જેથી જાગૃત નાગરિકો દ્વારા ઉચ્ચ કક્ષાએ ફરિયાદની તૈયારીઓ થઈ છે. અરવલ્લીના વિકસિત ગણાતા સરડોઈ ગામમાં પ્રજાના આરોગ્યની સુખાકારી માટે લાખો રૂપિયાના ખર્ચે નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તૈયાર કરવામાં આવતાં સ્થાનિક ગ્રામજનોની સાથે આસપાસના ગામોની પ્રજા આરોગ્યની સેવાઓનો લાભ લઈ રહી છે પરંતુ છેલ્લા ઘણા સમયથી આરોગ્ય કેન્દ્રમાં આયુષ્યમાન કાર્ડ કઢાવવું હોય તો આંખે પાણી આવી જાય તેવી કામગીરી જોવા મળી રહી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આયુષ્યમાન કાર્ડ કાઢવાની જવાબદારી એફ.એ. રજનીભાઈ પરમાર સંભાળી રહ્યા છે પરંતુ તેમની કાર્યરીતીથી ગ્રામજનોમાં રોષ ભભૂકી રહ્યો છે. આયુષ્યમાન કાર્ડ માટે આવતા અરજદારોને યોગ્ય જવાબ આપવામાં આવતો ન હોવાની વ્યાપક ફરિયાદો થઈ રહી છે તેમાંય છેલ્લા ઘણા સમયથી એફ.એ. દ્વારા નેટ ચાલતું નથી, ફીંગરપ્રિન્ટ કોપ્યુટર લેતું નથી તેવા જવાબો આપી કાર્ડ કાઢવાથી હાથ ઉંચા કરી નાખવામાં આવતા હોય છે. સરકાર દ્વારા આયુષ્યમાન કાર્ડના લાભાર્થીઓને રુ પ લાખ સુધીની તબીબી સહાય નિશુલ્ક આપવામાં આવતી હોય છે જેથી બિમાર દર્દીના પરિવારજનો આ કાર્ડ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જતા હોય છે પરંતુ સદર કર્મચારી ગલ્લાં તલ્લાં કરી ધક્કા ખવડાવતા હોય છે. તંદુરસ્ત લાભાર્થીઓ તો ઠીક પરંતુ આયુષ્યમાન કાર્ડ માટે હવે તો સીનીયર સીટીઝનોને પણ વારંવાર ધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે જેથી જાગૃત નાગરિકો દ્વારા એફ એ. સામે લેખિત ફરિયાદ સાથે રાજ્યના આરોગ્ય મંત્રી સમક્ષ ફરિયાદ કરવાની તૈયારીઓ થઈ છે.

બાયડ તાલુકા હેલ્થ વિઝીટર લક્ષ્મીબેન પટેલનો નિવૃત્તિ સમારોહ યોજાયો

મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ અને સબંધીઓ ઉપસ્થિત રહ્યા, સૌ ભાવુક બન્યા

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨

આરોગ્ય વિભાગમાં યશસ્વી ૩૬ વર્ષ ઉપરાંતની સેવાઓ આપી બાયડ તાલુકા હેલ્થ વિઝીટર તરીકેની ફરજ સાથે વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલા લક્ષ્મીબેન મનહરભાઈ પટેલનો જાજરમાન વિદાય સમારોહ બાયડ હેલ્થ કચેરીના વહીવટી અધિકારી પી.સી.જોષી, જીતપુર રેફરલ હોસ્પિટલના પૂર્વ અધિક્ષક ડો.પી.આર. સોલંકી, જીતપુર રેફરલ હોસ્પિટલના અધિક્ષક ડો.જયપ્રકાશ નાયક, ડેમાઈ મેડીકલ ઓફીસર ડો.નિરવભાઈ પટેલ, ચોઈલા મેડીકલ ઓફીસર ડો.અંકિતાબેન પટેલ સહિત તાલુકા અને જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ, સબંધીઓ અને ગાયત્રી પરીજનોની વિશાળ ઉપસ્થિતિમાં ગુરૂવારે હોટલ વૃન્દાવન-માધવકૃપા ખાતે યોજાઈ ગયો. ઉપસ્થિત આમંત્રિતોએ લક્ષ્મીબેન પટેલની કામગીરીની મુક્તકંઠે પ્રસંશા કરી તેમને યાદગાર વિદાયમાન આપ્યું હતું.

પ્રાપ્ત જાણકારી અનુસાર આરોગ્ય ક્ષેત્રે કામગીરી કરવી અત્યંત કપરી હોય છે અને તેમાંય પાછલા ૨ વર્ષ દરમ્યાન કોરોનાના કારણે સ્થિતિ વધુ વણસી હતી. કોરોના એટલી હદે વકર્યો કે સબંધીઓ એકબીજાના પડછાયા લેવાથી પણ દૂર રહેતા હતા તેવા સમયે તાલુકા આરોગ્યની ટીમ તેમજ તાલુકા હેલ્થ વિઝીટર લક્ષ્મીબેન પટેલે પોતાના જીવની પરવા કર્યા વગર જ્યાં પણ ફરજ પર મૂક્યા ત્યાં નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી હતી. ૫૮ વર્ષ પૂર્ણ થતાં તેમનો વિદાય સમારોહ હોટલ વૃન્દાવનમાં આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ઉપસ્થિત મહેમાનોએ લક્ષ્મીબેન પટેલની આરોગ્ય ક્ષેત્રની સેવાઓ ચિરસ્થાયી રહેશે તેમ જણાવી તેમનું નિવૃત્તિમય જીવન સુખમય બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ગાયત્રી શક્તિપીઠ-બાયડના પ્રમુખ ભરતભાઈ ઉપાધ્યાય, ચેતનાબેન પટેલ સહિત સ્વામિનારાયણ સોસાયટીના રહીશો સહિત તેમના સબંધીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કોઈપણ આરોગ્ય કર્મચારીને વિદાય સમયે સન્માન ન મળ્યું હોય તેટલું સન્માન લક્ષ્મીબેન પટેલને મળ્યું હતું. તેમની સાથે ફરજ બજાવનારો મહિલા સ્ટાફ નિવૃત્તિ વિદાય સમારોહ સમયે ભાવુક બની ડુસ્કાં ભરતો જોવા મળ્યો હતો.

ડીસાની નવજીવન બી.એડ્. કોલેજમાં પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનની શરૂઆત કરાઈ

ડીસા, તા. ૨

ડીસા માં આવેલી શ્રી નવજીવન બી.એડ્ કોલેજ માં 'પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન' ની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં બી.એડ્.કોલેજના તાલીમાર્થીઓ દ્વારા ન્યુઝ પેપર તથા મેગેઝિનના કાગળમાંથી બેગો તૈયાર કરવામાં આવી છે. ત્રણ દિવસમાં લગભગ બે હજાર જેટલી કાગળની બેગો તૈયાર કરવામાં આવી છે અને આવનારા સમયમાં એક લાખ જેટલી આવી બેગો તૈયાર કરવાનો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. આ બેગોને મેડિકલ સ્ટોર અને નાની દુકાનોમાં આપવાથી પ્લાસ્ટિકનો વપરાશ ઓછો થશે. કોલેજ માં પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન અંતર્ગત પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન ડીસાના ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

તેમણે નવજીવન બી.એડ્ કોલેજના તાલીમાર્થીઓના આ પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનના કાર્યને બિરદાવ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા શપથ લેવામાં આવ્યા હતા કે અમે પ્લાસ્ટિકનો ઉપયોગ કરીશું નહીં અને કાગળની બેગનો ઉપયોગ કરીશું. આ કાર્યક્રમમાં સહી ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડીસાના ધારાસભ્યશ્રી શશીકાંતભાઈ પંડ્યા, એડવોકેટ કૈલાસભાઈ ગેહલોત , ટ્રસ્ટીશ્રી બાબુભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, કાળુભાઈ પટેલ, આચાર્ય ડૉ.સોનલબેન પ્રજાપતિ, અધ્યાપક અમિતકુમાર સોલંકી, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠામાં ૧૧ હજાર સરકારી કર્મચારીઓએ પ્રિકોસન ડોઝ લીધો નથી

સરકારની સૂચના છતાં ડોઝ લેવાની આળસ !!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના સંક્રમણે ફરીથી માથું ઉંચક્યું છે. જિલ્લામાં હાલની સ્થિતિએ ૮ એક્ટિવ કેસ હોવા છતાં સરકારી બાબુઓ પ્રિકોશન ડોઝ લેવાથી દૂર રહ્યા છે. સરકારની સૂચના છતાં જિલ્લામાં ફ્રન્ટલાઈન અને હેલ્થકેર વર્કર પૈકી કુલ-૧૧,૫૮૧ કર્મચારીઓએ પ્રિકોસન ડોઝ લીધો ન હોવાની વિગતો સામે આવી છે.

કેન્દ્ર સરકારના આરોગ્ય વિભાગે રાજ્ય સરકારને પત્ર લખી રસીકરણ ઉપર ભાર મૂકવા માટે તાકીદ કરી છે. જ્યાં જરૂર પડે ત્યાં સ્પેશ્યલ ડ્રાઈવ શરુ કરવા માટે પણ સૂચન કરવામાં આવ્યું હોવા છતાં કેટલાય વિસ્તારોમાં પ્રિકોસન ડોઝ લેવામાં ખુદ સરકારી કર્મચારીઓ દૂર ભાગી રહ્યા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં ૪૩, ૩૧ સરકારી કર્મચારીઓએ અગાઉના કોરોનાના કપરા કાળમાં રસીથી સુરક્ષિત થઈ ફરજ બજાવી ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું પરંતુ ત્યારબાદ કોરોના સંક્રમણ ઘટતાં હવે ખુદ ફ્રન્ટલાઈન અને હેલ્થકેર વર્કરો જ પ્રિકોસન ડોઝ લેવાનું ટાળતા હોય તેવું ચિત્ર ઉભરીને બહાર આવ્યું છે. જિલ્લામાં નવેસરથી કોરોનાનું સંક્રમણ ફેલાતું હોય તે રીતે નવા કેસ બહાર આવી રહ્યા છે અને હાલની સ્થિતિએ ૮ કેસ એક્ટિવ હોવા છતાં કોઈને કોઈ કારણોસર સરકારી કર્મચારીઓ પ્રિકોશન ડોઝથી વંચિત રહ્યા છે. જાણવા મળ્યા મુજબ જિલ્લામાં ૧૧,૫૮૧ કર્મીઓએ હજુ સુધી પ્રિકોશન ડોઝ લીધો નથી. કોરોનાનું સંક્રમણ વધતું અટકાવવા માટે સરકારની ખાસ તાકીદ છતાં પ્રિકાસન ડોઝ લેવામાં રાખવામાં આવતી નિરસતાના કારણે સંક્રમણ વધુ હાવિ થવાની દહેશત છે. જિલ્લામાં ૪૩, ૩૧ કર્મચારીઓ પૈકી અત્યાર સુધીમાં ૩૨,૦૫૦ ફ્રન્ટલાઈન અને હેલ્થકેર વર્કરોને પ્રિકોસન ડોઝ આપી સંક્રમણ સામે સુરક્ષિત કરવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

ડીસામાં ઉદયપુરની ઘટનાના વિરોધમાં આવેદનપત્ર અપાયું

આરોપીઓને ફાંસીની સજા કરવાની માંગ

ડીસા, તા. ૨

ડીસા શહેરમાં દરજી સમાજ એકતા પરિષદ દ્વારા ઉદયપુરમાં કટ્ટરપંથીઓ દ્વારા કરાયેલી કનૈયાલાલ દરજીની નિર્મમ હત્યાના મામલે આરોપીઓને કડકમાં કડક સજા આપવામાં આવે તેવી માંગ સાથે રાજસ્થાનના મુખ્યમંત્રીને ઉદ્દેશીને ડીસા નાયબ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.જેમાં જણાવાયું હતું કે કટ્ટરવાદીઓ? દ્વારા કનૈયાલાલ દરજીની દુકાનમાં ઘૂસી તેમની? નિર્દયી હત્યા કરનારા શખ્સોને ફાંસીની સજા આપવામાં આવે તેવી માંગ સાથે નાયબ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં દરજી સમાજના અગ્રણી હાથીભાઈ વાઘેલા, અતુલભાઈ દરજી, સેવંતીલાલ દરજી? સહિત નામી અનામી હોદેદારો આગેવાનો યુવાનો તેમજ આબાલવૃદ્ધ સૌ કોઈ ઉપસ્થિત રહ્યા હતા.અને બનાવનો વિરોધ નોંધાવ્યો હતો.

પાલનપુરનો વિકાસ નકશો ફરી પરત ફરશે

હાઈકોર્ટે ૬ મહિના પૂર્વે પૂછ્યું હતું ૨૦૦૪માં મંજૂર કરાયેલ નકશામાં ગ્રીનબેલ્ટ અને આરક્ષીત જગ્યાઓનો શું વપરાશ કર્યો? નવામાં શું કરવાના છો?

પાલિકા જવાબ રજૂ કરવામાં નિષ્ફળ ગઈ : પાલનપુર રામપુરાના અરજદાર વિકાસ નકશાને લઈ હાઇકોર્ટ સમક્ષ અરજી કરી

પાલનપુર તા.૨

પાલનપુર નગરપાલિકાના નવા સૂચિત વિકાસ નકશાના ડ્રાફ્ટમાં રોડ, રસ્તા અને જાહેર હિતોના નામે ઘણી બધી જમીનો રિઝર્વેશનમાં મૂકીને જમીન માલિકોને પરેશાન કરવામાં આવ્યા છે. એની સામે લેવાયેલા કેટલાક વાંધાઓને સાંભળવામાં પણ આવ્યા નથી. કેટલાંય જમીન માલિકોને રિઝર્વેશનના નામે ડરાવી-ધમકાવીને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરાયા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતા વાંધા સૂચનોનો અસરકારક નિકાલ કરવા સરકારે સૂચના આપી હતી. પરંતુ યોગ્ય રીતે વાંધા સૂચનોનો નિકાલ ન થતાં રામપુરા ગામના અરજદાર કાંતિ ગણેશભાઈ પટેલ હાઈકોર્ટમાં ગયા હતા. જેમાં કોર્ટે પોતાના ઓરલ ઓર્ડરમાં ૨૦૦૪થી રિઝર્વેશનમાં મુકાયેલી ગ્રીન બેલ્ટમાં મૂકવામાં આવી છે તેનું પ્રયોજન અને તેની તમામ બાબતો રજૂ કરવા ૬ મહિનાનો સમય આપવામાં આવ્યો હતો જોકે પાલિકા આ ૬ મહિનાના સમયગાળામાં કોઈપણ પ્રકારના જવાબો આપી શકી નથી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,કોર્ટે હુકમમાં વાંધાઓને ધ્યાનમાં લેવા, અરજદારોને સાંભળવામાં, ઘન કચરાના વ્યવસ્થાપન સહિતની યોગ્ય કાર્યવાહી કરી તેની વાંધાદારોને પણ જાણ કરવા અને આવી કાર્યવાહી સામે વાંધાદારોને આગળની અપીલની તક આપવા તેમજ આ તમામ કામગીરી છ મહિના અંદર પૂરી કરવા હુકમ કર્યો હતો. જોકે જૂન પૂર્ણ થતા ૬ મહિના વીત્યા બાદ પાલિકા સમગ્ર મામલે કોઈ સુનાવણી કે વાંધા અરજીઓનો યોગ્ય નિવેડો લાવી શકી નથી.

નકશો ત્રીજી વાર રદ થશે : સ્થાનિક અગ્રણી

પાલનપુર નગરપાલિકાના ડ્રાફ્ટ પ્લાન અંગે હાઇકોર્ટના ચુકાદાની લાંબી અસર થશે અને પ્રશ્નો ફરીથી ઊભા થશે. આ પરિસ્થિતિમાં સરકારે હવે સમયમર્યાદાના મુદ્દે નગરપાલિકાનો સૂચિત વિકાસ નકશો રદ કરી નવેસરથી કાર્યવાહી કરવા સિવાય કોઈ રસ્તો નથી. અન્યથા અસરગ્રસ્તો માટે હાઇકોર્ટનો રસ્તો ખુલ્લો થયો છે.

પાલિકાએ અગાઉ ગ્રીનબેલ્ટમાં મૂકેલી જમીન મુદ્દે સરકારને રજૂઆત કરી હતી

હાઈકોર્ટનો ઓરલ ઓર્ડર નગરપાલિકામાં આવી ગયો હોવા છતાં એ પછી પણ મ્યુ. પ્રમુખ, ટી.પી. ચેરમેન અને બે મહિલા સભ્યોના પતિ સાથે રાજ્યના શહેરી વિકાસ મંત્રી પાસે એક જમીન રિઝર્વેશનમાં મુકાવવા દોડ્યા હતા.

વાહ ભારત વાહ ન્યાયતંત્ર... આજનો સુપ્રીમ કોર્ટનો ચુકાદો બહુ ગમ્યો....

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....???

બાયડ તા.૨

સુપ્રીમ કોર્ટ દ્વારા ભૂતપૂર્વ ભાજપ પ્રવક્તા નૂપુર શર્માને ફટકાર લગાવવામાં આવી અને કોર્ટે કહ્યું નૂપુર શર્માનું ધાર્મિક લાગણી દુભાવતું નિવેદન ઉદયપુર જેવી ઘટનાઓ માટે જવાબદાર છે!! નૂપુર શર્માના નિવેદન પછી મુસ્લિમોની લાગણીઓ દુભાઈ અને દેશમાં અશાંતિનો માહોલ ઉભો થયો તે તમામ વાત માટે નૂપુર શર્માને કોર્ટ દોષિત ઠેરવે છે.... એક પ્રકારે સુપ્રીમ કોર્ટ દ્વારા સાચો ન્યાય કરવામાં આવ્યો, મને આ વાત ખૂબ ગમી કે કોર્ટ સાચો ન્યાય કરે છે... પણ સાથે સાથે ભારતના લોકતંત્ર અને ન્યાયતંત્રની એ વાત પણ મને નથી ગમી કે આ તંત્ર આવા નિવેદનો પછી ધમાલ કરે, તોફાન કરે અને નિવેદન કરનાર વિરુદ્ધ ફરિયાદ કરે ત્યાર પછી જ તંત્ર ન્યાય કરે!!

શુ ભારતનું તંત્ર સહનશીલતા દાખવતા અને મૌન રહેતા હિન્દૂ વિરુદ્ધ કોઈ બફાટ કરે ત્યારે તેમના માટે આવો ન્યાય કરવા સક્ષમ નથી??? કોઈ બફાટ કરે પણ દેશમાં શાંતિ અને એખલાસ જળવાઈ રહે તે હેતુ મૌન રહેવું અને સહન કરવું એ ગુન્હો છે અને બફાટ કરનારા માટે ક્લીન ચિટ છે?? નૂપુર શર્મા એકવાર બોલ્યા અને તેમની વિરુદ્ધ બળાપો નીકળ્યો પરંતુ અવારનવાર બેફામ વાણી વિલાસ કરતા ઔવેશી ભાઈઓ, મૌલવીઓ, મુલ્લાઓ વિરુદ્ધ હિન્દૂ પ્રજા મૌન રહે છે એટલે તંત્રએ પણ ચૂપ રહેવાનું?? શુ લોકતંત્ર- ન્યાયતંત્ર ભડકાઉ ભાષણ આપતા અને હિન્દૂ દેવી દેવતાઓ વિરુદ્ધ બોલતા લોકો માટે ક્યારેય સુપ્રિમ કોર્ટ ફટકાર ના લગાવી શકે??

ગોધરાકાંડને આજના ન્યાયાધીશો કેમ ભૂલી જાય છે... ટ્રેનનો ડબો સળગાવ્યો અને નિર્દોષ ૫૬ હિન્દૂ કારસેવકો જીવતા ભૂંજાઈ ગયા અને ત્યારબાદ ગુજરાત ભડકે બળ્યું.... ત્યારે નિર્દોષ મુસ્લિમોને સહન કરવું પડ્યું એ પણ ગોધરાકાંડનું એક પ્રકારે રિએક્શન જ હતું ત્યારે ગોધરાકાંડ કરતા ગોધરાકાંડ પછીની ઘટનાઓનો ન્યાયતંત્ર વધારે ઉલ્લેખ કરતું હતું.... "ન્યાયતંત્ર ત્યારે એવું બોલી શકતું હતું કે ગોધરાકાંડ પછીની ઘટનાઓ માટે જવાબદાર ગોધરામાં ટ્રેનનો ડબો સળગાવનારા જ ગણાય..." આવું નિવેદન ત્યારે દેશની ન્યાયપ્રણાલી દ્વારા ના આવ્યું તે બેહદ દુઃખદ છે!! ત્યારે તો ભારતમાં માનવધિકારોનું ઉલ્લંઘન થયું એ વાતનું જ રટણ થતું રહ્યું....

ભારતનું લોકતંત્ર અને ન્યાયતંત્ર માત્ર ફરિયાદ કરનાર અને હલ્લાબોલ કરનારનું જ સાંભળતું હોય તેવું સ્પષ્ટ દેખાય છે.... અન્યાય સહન કરનાર, મૌન રહેનાર અને રાષ્ટ્રનું નુકસાન થાય તેવું રિએક્શન ના આપનાર માટે કોઈ લાગણી કે ન્યાય આ તંત્ર જોડે નથી તેવુ ગઈકાલના સુપ્રીમ કોર્ટના એપિસોડ પછી લાગી રહ્યું છે.... જો કાનૂન આધારિત ન્યાય આપનારના જ હાથ બંધાયેલા હોય તો તેવા કાનૂનમાં સુધારો કરવો જોઈએ!! ભારતનો હિન્દૂ ઈચ્છે છે કે હિન્દૂ દેવી દેવતાઓ વિરુદ્ધ ખુલ્લા મંચ ઉપરથી બેફામ વાણી વિલાસ કરનારાઓ ઉપર પણ કોર્ટ ફટકાર લગાવે!!! ન્યાય કરવો જ હોય તો દરેકને માટે સરખો જ હોય!!

આંજણા ગામની દિકરીએ અમેરીકાના જ્યોર્જીયા સ્ટેટમાં પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી

અડાઆઠમ નાયી સમાજમાં ગૌરવની લાગણી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૨

તલોદ તાલુકાના આંજણા ગામની દિકરીએ અમેરીકાના જ્યોર્જીયા સ્ટેટમાં અભ્યાસ દરમ્યાન હાઈપર ટેન્શન અને સ્ટ્રોક મેનેજમેન્ટ વિષયમાં રીસર્ચ કર પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી સાબરકાંઠા તેમજ નાયી સમાજનું ગૌરવ વધારતાં આનંદ છવાયો છે. રીસર્ચ દરમ્યાન ૧૩૫૦ થી વધુ દર્દીઓ ઉપર અભ્યા કરી સમગ્ર વિશ્વમાં સાબરકાંઠાની દિકરીએ નામના મેળવતાં અભિનંદન વર્ષા થઈ રહી છે.

જાણવા મળ્યા મુજબ સાબરકાંઠાના તલોદના આંજણા ગામના નિવૃત્ત કાર્યપાલક ઈજનેર તેમજ લાયન્સ કલબ-હિંમતનગર ડીવાઈનના પ્રમુખ પ્રવિણભા પ્રભાભાઈ નાયીની પુત્રી ધૃવાંગી શર્માએ તાજેતરમાં અમેરીકા સ્થિત જ્યોર્જીયા સ્ટેટ યુનિ.એટલાન્ટા ખાતે હાઈપર ટેન્શન અને સ્ટોક મેનેજમેન્ટ વિષયમાં રીસ કરી ૧૩૫૦ ઉપરાંત દર્દીઓના અભ્યાસ દ્વારા એક શોધ નિબંધ તૈયાર કર્યો હતો જેમાં સાબરકાંઠાની દિકરીના શોધ નિબંધને જ્યોર્જીયા ટેટની યુનિ.એ માન્યત આપી પી.એચ.ડી.ની પદવી એનાયત કરતાં સમગ્ર અડાઆઠમ નાયી સમાજ અને જિલ્લામાં આનંદનું મોજુ ફરી વળ્યું છે. ડક્ટરેટની ડિગ્રી મેળવવાની સા એ.જી.એન.પી., આર.એન.એમ.એસ.એન. અને એમ.પી.એ. વિષયમાં પણ વિદેશની ધરતી ઉપર સદર દિકરીએ અભ્યાસ પૂર્ણ કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાંતિજ ના સલાલ બસસ્ટેશન પાસેથી રસુલપુરનો ઈસમ મૃતક હાલતમાં મળી આવ્યો

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સલાલ બસસ્ટેશન પાસેથી રાત્રીના સમયે રસુલપુર ના ઈસમ ની પોતાની કારમા મૃતક હાલત મા લાશ મળી આવી. પ્રાંતિજ ના રસુલપુર ખાતે રહેતા બે પુત્રો ના પિતા પ્રજાપતિ દિનેશભાઈ મગેશભાઈ ઉ.વર્ષ-૪૬ ધંધો પોતે હિંમતનગર એસટી ડેપો મા બસ ડ્રાઇવર તરીકે ફરજ બજાવતા હતા અને ગઇ કાલ સવારથીજ પોતાના ઘરે થી પોતાની અલ્ટોકાર લઈ ને ઘરે થી નિકળી ગયા હતા અને સાજે રાત્રીના સમયે હિંમતનગર-ચિલોડા નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના સલાલ માર્કેટયાર્ડ બસસ્ટેશન પાસે હિંમતનગર પ્રાંતિજ રોડ ઉપર પોતાની અલ્ટોકાર મા દિનેશભાઈ પ્રજાપતિ મૃત હાલતમા મળી આવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા રસુલપુર ગામના સરપંચ દ્વારા પ્રાંતિજ પોલીસ ને જાણ કરતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી મૃતક ને પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે મોકલી આપવામા આવ્યા હતા પણ સવારે પરિવાર દ્વારા મૃતક ની હત્યા થઈ હોવાની શંકા સેવી મૃતક નુ પી.એમ પ્રાંતિજ સિવિલ ને બદલે અમદાવાદ ખાતે આવેલ બીજે મેડીકલ ખાતે પેનલ પી.એમ થાય તે માટે મૃતક ને લઈ જવામા આવ્યા હતો ત્યારે હાલતો મૃતક ની હત્યા કે કુદરતી રીતે મોત એ તો પી.એમ બાદજ ખબર પડશે.